ખુદ દારૂ શોધનારાઓ જ ધરપકડની બીકથી અંડરગ્રાઉન્ડ

એલ.સી.બી. ખુદ ભ્રષ્ટાચારનો દરવાજો, સસ્પેન્ડ પી.એસ.આઈ., આર. કે. પરમાર માત્ર મોહરૂ છે કે શું..??

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૪

રાજસ્થાનની સરહદને અડીને આવેલા અરવલ્લીમાં દર મહિને કરોડોનો દારૂનો વેપલો થાય છે. મહિનામાં ૪-૫ મોટાં વાહનો પકડી વાહ વાહી મેળવવામાં આવે છે પરંતુ દારૂ ભરેલાં વાહનો નહીં પકડી કરોડો રૂપિયાના થઈ રહેલા તોડમાં સ્થાનિક પોલીસથી માંડી ઉચ્ચ અધિકારીઓની સંડોવણી હોવાની આશંકા મજબૂત બની છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં દારૂની રેલમછેલ વચ્ચે ખુદ એલ.સી.બી. જ અદ્રશ્ય જેવી ભૂમિકામાં છે. સસ્પેન્ડ પી.એસ.આઈ., આર.કે.પરમાર તો માત્ર મોહરૂ છે પરંતુ અઠંગ ઉઘરાણાખોર અધિકારીઓના નામ બહાર આવશે કે કેમ..?? સમગ્ર પ્રકરણની સી.બી.આઈ. તપાસ થાય તો અરવલ્લી જિલ્લામાં પડ્યા પાથર્યા રહી દર મહિને દારૂના ધંધામાંથી કરોડો ખંખેરતા પોલીસ અધિકારીઓની મોટી નામાવલી બહાર આવી શકે છે. અત્યારે તો ખુદ દારૂ શોધનારાઓ જ ધરપકડની બીકથી અંડરગ્રાઉન્ડ છે.

અખંડ સાબરકાંઠા જિલ્લામાં અગાઉના વર્ષોમાં પોલીસમાં ફરજ બજાવી કોન્સ્ટેબલ થી માંડી અધિકારીઓ આજે રાજ્યમાં કરોડોની સંપત્તિ ઉભી કરી જાહોજલાલીમાં આળોટી રહ્યા છે. કોઈપણ હત્યા હોય તો અકસ્માતે મોતમાં ખપાવવામાં પણ જિલ્લાની સરહદોનો ઉપયોગ થતો હતો. શામળાજી અને અરવલ્લી પોલીસ દારૂની મોટાપાયે હેરાફેરીમાં સપ્લાયરો, બુટલેગરો સાથે સંડોવાયેલી હોવાના સનસનીખેજ અહેવાલ અગાઉ પણ પ્રસિદ્ધ થયેલા છે. નવરચિત અરવલ્લી જિલ્લામાં પ્રથમ પોલીસ વડા તરીકે કે.એમ.ડામોરની નિયુક્તિ થઈ તેમની સારી કામગીરી છતાં તેઓએ

તપાસ દરમ્યાન અનેક અધિકારીઓના પગ નીચે રેલો આવી શકે છે

બુટલેગરોને મોકળું મેદાન ન આપતાં બદલી કરવામાં આવી ત્યારબાદ મયુર પાટીલને પોલીસ વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, શરૂઆતમાં ધાક જમાવી પછી કેવા પિક્ચર અને ખેલ ખેલાયા તે જગજાહેર છે તેમના સમયમાં જ પોલીસ દારૂની ચોરી કરતી અને વેપલો કરતી જોવા મળી. પૂર્વ પોલીસ વડા મયુર પાટીલ સામે વ્યાપક રોષ છતાં ગાંધીનગરના આશીર્વાદ હોવાથી તેમની બદલી ન થઈ ત્યારબાદ નિયમાનુસાર બદલી થતાં વડોદરા થી સંજય ખરાતને અરવલ્લી પોલીસ વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. શરૂઆતમાં સારી કામગીરીની આભા ઉભી કરી કે પછી થઈ ગઈ. પરંતુ તે પછી પાછલા ૨ મહિનામાં દારૂ પ્રકરણમાં અરવલ્લી પોલીસની મીલીભગત બહાર આવી તે જોતાં સૌથી નબળા પોલીસ વડા તરીકે સંજય ખરાત સૌથી આગળ નિકળી ગયા. આર. કે. પરમાર એલ.સી.બી., પી.આઈ. તરીકે નિયુક્ત થયા ત્યારથી જ તેમની કામગીરી અને તેમના સ્ટાફ સામે અત્યંત ગંભીર આક્ષેપ હતા પરંતુ સાચુ કહેનારાને પણ કોઈ સાંભળતું ન હતું છેવટે પાપ છાપરે ચઢીને પોકાર્યું અને પોલીસ વડાની કચેરી પાસેથી જ દારૂની હેરાફેરી અને તેમાં પોલીસ અધિકારીઓની સંડોવણીએ રાજ્યના ગૃહ વિભાગને હચમચાવી નાખ્યો છે. ખુદ પોલીસ અધિકારીઓ જ દારૂના વેપલામાં સંડોવાયા પછી નાસતા ફરતા હોય ત્યારે સામાન્ય પ્રજા કાયદો વ્યવસ્થાની વિશ્વસનિયતા ઉપર ભરોસો કરશે ખરી..?? પોલીસ વડાએ ફરાર થઈ ગયેલા પોલીસ અધિકારી અને ૩ પોલીસ કર્મીઓની તમામ મિલ્કત ટોંચમાં લેવી જોઈએ અત્યારે તો આર.કે.પરમારના હાથ જ્યાં ખરડાયેલા છે તેમાં અનેક પોલીસ અધિકારીઓની મીલીભગત હોવાની લોકચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે.

પ્રાંતિજના ખાતે બોરીયા સીતવાડામાં 'બેટી બચાવો બેટી વધાવો'નો કાર્યક્રમ યોજાયો

પુત્રની તેરમી પુણ્યતિથિ નિમિત્તે દિકરીઓને કુમકુમ તિલક કરી સન્માન કરાયું : વિશિષ્ઠ વ્યકિતોનું શીલ્ડ શાલ ઓઢાડીને સન્માન કર્યુ : પ્રાંતિજ જાયન્ટસ ગૃપ પ્રમુખ સહિત સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે પુત્ર ની તેરમી મી પુણ્યતિથિ ના દિવસે પરિવાર બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજાયો દિકરીઓની માતાઓનું પણ પ્રમાણપત્ર આપી સન્માન કરવામા આવ્યુ તો આ પ્રસંગે પ્રાંતિજ જાયન્ટસ ગૃપ પ્રમુખ-મંત્રી સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ બોરીયા સીતવાડા ગામે રહેતાં રાઠોડ કાળુસિંહ ગોબરસિંહ પરિવાર દ્વારા પોતાનાં પુત્ર ભરતસિંહની તેરમી પુણ્યતિથિ નિમિત્તે બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બોરીયા સીતવાડા ગામમાં રહેતી વીસથી વધુ દિકરીઓનું કુમકુમ તિલક કરી કાળુસિંહ રાઠોડ પરિવાર દ્વારા ડ્રેસ, દફતર, પુસ્તક આપી ને સન્માનિત કરવામાં આવી હતી તો પ્રાંતિજ જાયન્ટસ ગૃપ દ્વારા ઉપસ્થિત રહીને દિકરીઓની માતા ઓને પ્રમાણ પત્ર આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે ઉપસ્થિત મહંતો મહેમાનો ને શાલ ઓઢાડી ને સન્માન કરવામા આવ્યુ હતુ તો સમાજ ના વિશિષ્ઠ વ્યકિતઓનુ શિલ્ડ આપી ને સન્માન કરવામા આવ્યુ હતુ તો ભજન કિર્તન કાર્યક્રમ પણ યોજાયો હતો તો આ પ્રસંગે મહંત સુનીલદાસજી, વસંતરામ મહારાજ, સંત કેવલ સંપદાય સંપ્રદાય ના મહંત લક્ષ્મણસિંહ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ જીલ્લા પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડ, પૂર્વ જિલ્લા સદસ્ય મિલકતસિંહ રાઠોડ, પ્રાંતિજ જાયન્ટસગુપ ના સ્થાપક ર્ડો.એન.કે. ડેરીયા, જાયન્ટ પ્રમુખ ર્ડા. કેયૂરભાઇ પ્રજાપતિ, જાયન્ટસ મંત્રી હાર્દિક ભાઇ બ્રહ્મભટ્ટ, નગર પાલિકા વિરોધ પક્ષના નેતા દિપ્તીબેન બ્રહ્મ ભટ્ટ, પિયુષ ભાઇ શાહ સહિત ગામના આગેવાનો ગ્રામજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો અન્ય સમાજ માટે પ્રેરણા રૂપ છે તેમ કહીએ તો નવાઇ નહી.

ધનસુરામાં ખેડૂતો બટાકા કાઢવાની કામગીરીમાં જોડાયા

ધનસુરા, તા. ૨૪

ધનસુરા માં ખેડૂતો બટાકા કાઢવાની કામગિરીમાં જોડાયા છે ધનસુરાના બુટાલ પંથક માં ખેડૂતો એ બટાકા કાઢવાની શરુઆત કરી છે તો ધનસુરા અને દોલપુર પંથક માં ખેડૂતો બટાકા કાઢવાની કામગિરીમાં જોડાયા છે ધનસુરા અને દોલપુર પંથક માં મોટા પ્રમાણમાં બટાકાનું વાવેતર થાય છે ખેડૂતો બટાકા કાઢવા, હાર્વેસ્ટિંગ જેવી કામગિરીમાં જોડાયા છે.

ધનસુરાના કંજરી કંપા પીક અપ સ્ટેન્ડ અકસ્માત બાદ એવી જ હાલતમાં...

ધનસુરા, તા. ૨૪

ધનસુરા બાયડ રોડ પર આવેલ કંજરી કંપા પીક અપ સ્ટેન્ડ માં થોડાક સમય પહેલાં અકસ્માત થયો હતો આઈસર પીક અપ સ્ટેન્ડ માં ગુસી જતા



અકસ્માત માં પીક અપ સ્ટેન્ડ નો એક બાજુનો ભાગ તૂટી ગયો હતો જે રીપેર ના કરાતા આજ સુધી એજ હાલતમાં છે જેને રીપેર ન કરાતા ભારે વાહનોની અવર જવર ધરાવતા ધનસુરા બાયડ રોડ પર જો કોઈ મુસાફરો ને બહાર જવું હોય તો મુશ્કેલી થાય છે જેને સમયસર રીપેર કરવામાં આવે એવી માગણી કરાઈ છે.

ઓનલાઈન ઠગાઈ કરનાર ગઠિયાએ જાળ બિછાવી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરમાં ઓનલાઈન ઠગાઈ કરનાર ગઠિયાએ જાળ બિછાવીને બેંકમાંથી મેનેજર બોલું છું-કહી ગઠિયાએ વિશ્વાસમાં લઈ વિજયનગરના એક ખેડૂત ખાતેદારના બેંક ખાતામાંથી થોડા થોડા કરી રૂ. ૪૯, ૮૫૦ ઉપાડી લીધા હોવાની એક ફરિયાદ વિજયનગર પોલીસ મથકે નોંધાઈ છે.

આ ઘટનામાં ભોગ બનનારના મિત્ર અને વિજયનગરના સરસવના રહીશ નારણભાઈ નાનકાભાઈ બામણાએ નોંધાવેલ ફરિયાદ મુજબ આરોપી ગઠિયાએ ભોગ બનનાર ખેડૂત દેવાભાઈ સુકાભાઈ પટેલના મિત્ર ફરીયાદી નારણભાઈ ઉપર ફોન કરીને કહયું કે-બેંકમાંથી મેનેજર બોલુ છું અને તમારુ એ.ટી.એમ. બંધ થઈ ગયેલ છે, જેથી તમે તમારા કોઈ ઓળખીતાના એ.ટી.એમ.ના નંબરો આપો તેમ કહી ફરીયાદીને વિશ્વાસમાં લઈ ફરિયાદીના મિત્રના એ.ટી.એમ.ના નંબરો મેળવી પછી એ મિત્રના મોબાઈલમાં

બેંકમાંથી મેનેજર બોલું છું-કહી ગઠિયાએ વિશ્વાસમાં લઈ બેંક ગ્રાહકના ખાતામાંથી રૂ..અડધો લાખ ઉપાડી લીધા

● ● ●

મોબાઈલમાં ઓટીપી નંબર મેળવીને બેંક ખાતામાંથી થોડા થોડા કરી ૫ વાર પૈસા ઉપાડી લીધા : ગ્રાહકની પોલીસમાં ફરિયાદ

આવેલ ઓટીપી મેળવી મિત્ર દેવાભાઈ સુકાભાઈના દેના બેંકના બચત ખાતા નં. ૬૯૫૯૦૧૦ ૦૦૧૧૩૦૦ માં થી થોડા થોડા કરી કુલ પાંચ વખતમાં કુલ રૂ. ૪૯,૮૫૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુન્હો આચર્યો હતો. આ ગઠિયાએ માત્ર ૨૦ મિનિટમાં જ પાંચવાર પૈસા ઉપાડ્યા હતા જેમાં પહેલીવાર રૂ.૨૦ હજાર,ત્રણ વાર ૯ હજાર પ્રમાણે ૨૭ અને એક વાર છેલ્લે રૂ.૨૮૫૦ બેંક ખાતેદારનો પાંચ-પાંચ વખત ઓટીપી મેળવી એટીએમમાંથી કુલ રૂ.૪૯૮૫૦ ની માતબર રકમ આરોપી અજાણ્યા ઈસમે ઉપાડી લીધા હતા.

અનેકવાર આવા ગાંઠિયાઓથી સાવધાન રહેવા બેંકો દ્વારા મેસેજ કરીને પોતાના ખાતેદારો-ગ્રાહકોને ચેતવણી આપવામાં આવતી હોય છે એમાં ભારપૂર્વક જણાવવામાં આવે છે કે, કોઈપણ ઓટીપી કે બીજી કોઈ વિગત માટે,બેંક ખતાને લગત કોઈપણ કામ માટે બેંકમાંથી પોતાના ખાતેદારોને ફોન કરવામાં આવતો નથી. એટલે કોઈપણ ભળતો ફોન આવે તો ચેતવા માટે જણાવવામાં આવે છે. છતાં આવી બાબતોમાં ધ્યાન નહિ રાખનાર લોકો અજાણ્યા શખ્સોની જાળમાં ફસાઈ જતા હોય છે.

મોડાસામાં ઓવૈસીએ સભા ગજવી : ભાજપ - કોંગ્રેસ નિશાને..!

નગરપાલિકામાં ઉમેદવારોને જંગી બહુમતીથી વિજય બનાવવા આહવાન

મોડાસા, તા. ૨૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામી રહ્યો છે. તમામ પાર્ટીઓ ચૂંટણી પ્રચાર કરી રહી છે. ત્યારે આ ચૂંટણીમાં અસદુદ્દીન ઓવૈસી ની પાર્ટી AIMIMની પણ એન્ટ્રી થઈ છે.મોડાસા નાગરપાલિકમાં AIMIM ના ૧૨ ઉમેદવારો ચૂંટણી જંગમાં જંપલાવ્યું છે ઉમેદવારોને વિજેતા બનાવવા AIMIM ના રાષ્ટ્રીય અધ્યક્ષ અસુઉદીન ઓવૈસીએ મોડાસા ખાતે પહોંચી ઉમેદવારોના સમર્થનમાં જંગી સભા સંબોધી હતી. આ સભામાં તેમણે ભાજપ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા તેમજ મોડાસામાં સુકાબજારમાં આવેલ મસ્જીદમાં થયેલ બોંબ્લાસ્ટ અને ગોધરા રમખાણોને યાદ કર્યા હતા ઓવૈસીને સાંભળવા જનમેદની ઉમટી હતી.

ઓવૈસીએ મોડાસા ખાતે ચૂંટણી સભાને સંબોધન કરતા કહ્યું કે, અમે ગુજરાતમાં પોતાના રાજકીય સફરની શરૂઆત કરવા

જઈ રહ્યાં છીએ. ખુદાને ખબર છે કે અમારા મનમાં શું છે, અમને વિશ્વાસ છે કે અલ્લાહ અમને મદદ કરશે. તેમણે કહ્યું કે, આ સફર માત્ર ચૂંટણી માટે નથી. અલ્લાહ ઈચ્છશે તો મજલિશ દુનિયાના અંત સુધી ગુજરાતમાં રહેશે. તેમણે કહ્યું કે, હું અહીં મારા માટે આવ્યો નથી. હું જમાતના બાળકો અને માતાઓ માટે અહીં આવ્યો છું.

ઓવૈસી મોડાસામાં જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે આ મોદી-શાહનું નહીં, મહાત્મા ગાંધીનું ગુજરાત છે, ઓવૈસીએ લોકોને કહ્યું કે, તમારે યાદ કરવાની જરૂર છે કે છેલ્લા ૭૦ વર્ષમાં તમને શું મળ્યું. રાજકીય પાર્ટીઓએ તેમને શું આપ્યું છે. અમારી ઈચ્છા અહીં લોકોને એક સારો વિકલ્પ આપવાની છે. તો તેમણે ભાજપ, કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. મહત્વનું છે કે ઓવૈસીએ ગુજરાતમાં છોટુ વસાવાની પાર્ટી બીટીપી સાથે ગઠબંધન કર્યુ છે. તેમણે કહ્યુ કે, આગામી સમયમાં અમારા ધારાસભ્ય પણ વિધાનસભામાં જોવા મળશે.

લીંબમાં જાનૈયાઓ ઉપર ટોળાનો પથ્થર મારો, ૯ સામે ગુનો નોંધાયો

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ તાલુકાના લીંબ ગામે દલિત પરિવારના વરઘોડાને રોકવામાં આવતાં પોલીસના ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે બીજા દિવસે વાજતે ગાજતે

એક જ ગામમાં દલિતના લગ્ન પ્રસંગમાં ધમાલ મચાવવાનો બીજો બનાવ : કાયદો વ્યવસ્થાની સ્થિતિ વણસી : જિલ્લા પોલીસ વડા સામે આંગળીઓ ચિંધાઈ

વરઘોડો યોજાયો હોવાનો બનાવ તાજો છે ત્યાં મંગળવારે દલિત પરિવારના ત્યાં અમદાવાદથી આવેલા જાનૈયાઓ ઉપર ટોળાએ પથ્થર મારો કરી હંગામો મચાવતાં સનસનાટી મચી હતી. પોલીસે બનાવ સંદર્ભે ૯ જણ સામે જાતિ પ્રત્યે અપમાનિત કરવાનો તેમજ રાયોટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જો કે એક જ ગામમાં દલિત પરિવારના લગ્નપ્રસંગમાં ધમાલ મચાવવાનો બીજો પ્રયાસ થતાં આ મુદ્દો રાજકીય સ્વરૂપ પકડે તેવી દહેશત છે. જિલ્લામાં પોલીસ વડા સંજય ખરાતના રાજમાં ખાખી બુટલેગરની ભૂમિકામાં આવી ગયા પછી હવે સમૂહના લગ્નપ્રસંગોમાં હુમલા તેમજ વરઘોડો રોકવાના બનાવ બહાર આવી રહ્યા છે. બાયડ તાલુકાના લીંબમાં દલિત પરિવારના યુવકનો વરઘોડો રોકવામાં આવતાં પોલીસ દોડતી થઈ હતી અને રાત્રે મામલો થાળે આવતાં ફરીથી જાન પ્રસંગે ગામનું વાતાવરણ કલુષિત થયાનો બનાવ સામે આવ્યો છે. તા.૨૩ના રોજ અમદાવાદ થી ગામમાં દલિત પરિવારના ઘરે જાન આવી હતી જેમાં ગામના સંજયસિંહ બેચરસિંહ ચૌહાણ અને અન્ય રહ્યા હતા તે સમયે ટોળાએ હંગામો મચાવતાં ભયનો માહોલ ઉભો થયો હતો. બનાવ અંગે હર્ષવર્ધન લાલજીભાઈ પરમારની ફરિયાદના આધારે આંબલિયારા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

અસામાજીક તત્વો શાંતિ ડામાડોળ કરવા લાગતાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સામે આંગળીઓ ચિંધાઈ છે.

જિલ્લામાં ચોક્કસ તત્વો સામાજીક સમરસતાને છીન્ન ભિન્ન કરવા માટે તત્પર બન્યા હોય તેવા પાડ્યા પછી બીજા દિવસે પોલીસની હાજરીમાં વરઘોડો યોજાવવાના બનાવની પોલીસે ગંભીર નોંધ લીધી ન હતી અને આ અંગેની જે તે સમયે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવવામાં ન

આરોપી..
સંજયસિંહ બેચરસિંહ ચૌહાણ
શૈલેષસિંહ દેવુંસિંહ ચૌહાણ
હિતેષસિંહ બકુસિંહ ચૌહાણ
પ્રવિણસિંહ ધુળસિંહ ચૌહાણ
સંજયસિંહ જીંદુસિંહ ચૌહાણ
યુવરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણ
ઈન્દ્રરાજસિંહ બેચરસિંહ ચૌહાણ
વિજયસિંહ ભરતસિંહ ચૌહાણ
માનસિંહ અદેસિંહ ચૌહાણ
(તમામ રહે.લીંબ, તા.બાયડ)

ઈસમોના ટોળાએ જાનૈયાઓ ઉપર પથ્થરમારો કરતાં નાસભાગ મચી હતી. વાતાવરણ તંગ બની જતાં કેટલાક ઈસમો દ્વારા પથ્થર ન ફેંકવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ ઉશ્કેરાયેલા ટોળામાંના કેટલાક ઈસમોએ વિનુભાઈ સોમાભાઈ પરમારની ફેંટ પકડી માર મારતાં જાન પ્રસંગે હોહા મચી હતી. ઉશ્કેરાયેલા ઈસમોએ જાન સમયે આતંક મચાવ્યા પછી જાતિ પ્રત્યે અપમાનિત કરી તમારે ફેંટા બાંધવા નહીં અને ડી.જે. સાઉન્ડ ઉપર રાસગરબા રમવા નહીં તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી. જાન આવ્યા બાદ જાનૈયાઓ લગ્ન સ્થળે વાજતે ગાજતે જઈ

પથ્થરમારાનો ગંભીર બનાવ છતાં આરોપી પકડાયા નથી, તપાસ ચાલુ હોવાનું પોલીસનું ગાણું

બાયડ : બાયડ તાલુકાના લીંબમાં અમદાવાદના જાનૈયાઓ ઉપર પથ્થરમારો કરવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. દલિત પરિવારના લગ્નપ્રસંગમાં હંગામો કરવાનો આ બીજો બનાવ છતાં પોલીસ જરાય ગંભીર ન હોય તેમ હજુ સુધી આરોપીઓ પકડાયા નથી. આંબલિયારા મહિલા પી.એસ.આઈ., આર.એમ.ડામોરનો સંપર્ક કરતાં આરોપીઓની તપાસ ચાલુ હોવાનું જણાવ્યું હતું.

તલોદ પાલિકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના ખોરંભે પડી : મસ મોટા કૌભાંડની આશંકાઓ

તલોદ, તા. ૨૪

તલોદ પાલિકામાં ચારસોથી વધારે પ્રધાનમંત્રી આવાસોના લાભાર્થીઓ લાભ લઈ રહ્યા છે. જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સંયુક્ત ગ્રાન્ટમાંથી એક સહાય દીઠ રૂા. ૩, ૫૦,૦૦૦/-

ના, છ જેટલા હપ્તાથી ગ્રાહકોને પાલિકાના નેતૃત્વમાં ચૂકવવામાં આવે છે. સરકાર કાચા મકાનોને પાકા બનાવવાના ઉમદા હેતુથી મસમોટા કૌભાંડકારો અને કરોડોના ગેરકાયદેસર જમીનો પર યોજનાના મુકેલા કર્મીઓ ખુલ્લેઆમ ભ્રષ્ટાચારની બૂમરાળ પણ સાંભળવા મળી છે. છેલ્લા બબ્બે વર્ષથી ગ્રાહકોના આ મકાનો ચેકો વગર ઘૂળ ચાટી રહ્યા છે.

સરકાર દ્વારા નવ માસના એગ્રીમેન્ટથી પૂર્ણ મકાન તૈયાર કરી તમામ સહાયની રકમો ચુકતે કરવાના એગ્રીમેન્ટને પૂર્ણ થયેલા મકાનોના લાભાર્થીઓ ઘણો સમય થતા દેવાદાર બન્યા છે. વ્યાજે નાણા લઈ આ કરાર મુજબ કેટલાય મકાનો તૈયાર હોવા છતાં બેંકોમાં આધાર કાર્ડ લિંક કરાવો પરંતુ આ યોજનાના વેબસાઈટમાં લિંક નથી બતાવતા. આવા અનેક ધરમધક્કાથી ગ્રાહકો અતિ મુશ્કેલીમાં ચુકાયા છે. રાજ્ય અને કેન્દ્રમાં અનેક રજૂઆતો કરવા છતાં સરકારના કોઈ જ પગલાં ન લેવાતા લાભાર્થીઓની હાલત કફોડી બની છે. જયારે ગોચર કે બિન કાયદેસર જમીનોમાં બનાવેલી આ યોજનાની કામગીરી ઝડપી ચેકો મળી જવાના સમાચારથી મસમોટા કૌભાંડની શંકાઓ જોવા મળી છે.

ચેક દિઠ ૨૦૦૦ અને બિન કાયદેસર કામગીરીને એજન્ટો અને મળતીયા દ્વારા ૨૫ થી ૫૦ હજારની રકમો કટકી થવાના સમાચારો પંથકમાં વાયુ વેગે થઈ રહ્યા છે.

તલોદ પાલિકામાં નેતૃત્વમાં કરોડોની રકમ ફાળવીની આ યોજના ગ્રાન્ટોના અભાવ અથવા આધાર કાર્ડ લિંક નથી તેવા અદ્ધરતાલ પ્રત્યુત્તારથી લાભાર્થીઓ ચિંતાતુર બન્યા છે. જયારે બેંકમાં લિંક એકાઉન્ટ હોવા છતાં સરકારની આ યોજનાની વેબસાઈટ લિંક નથી અથવા ટેકનિકલ ખામી બતાવી મહિનાઓ અને વર્ષોથી આ સહાયથી ગ્રાહકો વંચિત બન્યા છે. રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર આ યોજનામાં પડતી ગ્રાહકોને મુશ્કેલીને ગંભીરતા દાખવી ખોરંભે પડેલી આ યોજના લાચારીમાંથી ઊગરવા પ્રજાજનો જણાવી રહ્યા છે.

અવસાન નોંધ

બાયડ : માલપુર તાલુકાના ઉભરાણ ગામના કરીયાણાના આગેવાન વેપારી સુભાષભાઈ બી. પટેલનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થના માનમાં બજાર બંધ રહ્યું હતું. સ્વર્ગસ્થના નિધન બદલ બ્રહ્મ સમાજના અગ્રણી દિપકભાઈ રવિશંકર જોષી(બાયડ)એ ઉંડા આઘાતની લાગણી વ્યક્ત કરી હતી.